# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 17-05-2025** **Midday : 2.30 to 2.35 pm**

**Day : Saturday** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **સંસ્કૃતિ ભૂંડીયા** વાંચે છે.

---

સમાચારનાં અંતે

આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ - વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા હતાં. આ સમાચાર આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/ગુજરાતી અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.

---------------------------------------------------------------

આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

(હવે પછી આપ સાંજે સાત વાગીને દસ મિનિટે પ્રાદેશિક સમાચાર સાંભળી શકશો.)

(CLOSING MUSIC)

# CM TIRANGA YATRA

**મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ અમદાવાદમાં લપકામણ ગામથી અદાણી શાંતિગ્રામ સુધીની બાઇક રેલીમાં જોડાયા હતા.** શ્રી પટેલે આ રેલીમાં સહભાગી થઈને યુવાનો અને ગ્રામજનોમાં રાષ્ટ્રપ્રેમનો સંચાર કર્યો હતો. **ઓપરેશન સિંદૂરને વધાવવા** યોજાયેલી આ **બાઇક રેલીમાં ભારત માતાનો અવિરત જયઘોષ – હિંદની સેનાના પરાક્રમના પુષ્પોથી વધામણા કરાયા હતા.** લપકામણ, લીલાપુર, ખોડીયાર અને આસપાસના ગામોના સેંકડો યુવાનોએ ઉત્સાહભેર આ બાઇક રેલીમાં ભાગ લીધો હતો.

# MANSUKH MANDAVIYA VISIT

કેન્દ્રીય મંત્રી ડૉક્ટર મનસુખ માંડવિયા આજથી બે દિવસ પોરબંદર લોકસભા વિસ્તારના પ્રવાસે છે. શ્રી માંડવિયાએ સવારે જેતપુરના મેવાસા ખાતે યોજાનારા ‘સેવાસેતુ’ કાર્યક્રમમાં લાભાર્થીઓ સાથે સંવાદ કર્યો હતો. આ સાથે કાર્યક્રમાં, મેડિકલ અને રક્તદાન શિબિરો તેમજ દિવ્યાંગ સંસાધન સહાયનું પણ વિતરણ કર્યું હતું. શ્રી માંડવિયા જુનાગઢ ખાતે જિલ્લા આયોજન મંડળની બેઠકમાં અને કેશોદ ખાતે યોજાનારી ‘ત્રિરંગા યાત્રા’માં પણ ઉપસ્થિત રહેશે. ત્યારબાદ શ્રી માંડવિયા સાંજે કેશોદના બાલાગામ ખાતે યોજાનારા ‘સેવાસેતુ’ કાર્યક્રમમાં લાભાર્થીઓ સાથે સંવાદ કરશે. શ્રી માંડવિયા આવતીકાલે સવારે રાજકોટના ઉપલેટા ખાતે તેમના ‘શ્રી ગોરસ’ સાંસદ કાર્યાલય ખાતે કાર્યકર્તાઓ અને નાગરિકો સાથે મુલાકાત કરી તેમના પ્રશ્નો સાંભળશે.

# AMIT SHAH GUJ VISIT

કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ આજથી બે દિવસ ગુજરાતના પ્રવાસે છે. સત્તાવાર માહિતી મુજબ, શ્રી શાહ આજે ગાંધીનગરમાં 708 કરોડ રૂપિયાના વિવિધ વિકાસકાર્યોના લોકાર્પણ અને ખાતમુહૂર્ત કાર્યક્રમમાં ઉપસ્થિત રહેશે. તેઓ સાંજે ગાંધીનગર મહાનગરપાલિકા દ્વારા નવનિર્મિત પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર વાવોલ, 'ચ' રોડ પર નવનિર્મિત સેક્ટર 21 અને 22ને જોડતા અંડરબ્રિજ, પેથાપુરમાં પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર અને કોલવડા તળાવનું લોકાર્પણ કરશે.

# SURENDRANAGAR RESCUE

સુરેન્દ્રનગર જિલ્લાના થાનગઢ તાલુકામાં ખનીજ ચોરી ઝડપી પાડવાની સાથે 11 મજૂરોને રેસ્ક્યુ કરવામાં આવ્યા છે ચોટીલાના નાયબ કલેકટર, થાનગઢ મામલતદાર અને તેમની ટીમ દ્વારા થાનગઢ તાલુકાના નળ ખંભા  ગામે દરોડો પાડવામાં આવ્યો હતો જેમાં ખનીજ ચોરી માટે ખોદેલા ત્રણ કુવા મળી આવ્યા હતા. આ કુવામાંથી બે મહિલા સહિત 11 મજૂરોનું રેસ્ક્યુ કરાયું હતું. આ અંગે ચોટીલાના નાયબ કલેકટર એચ .ટી. મકવાણાએ વધુ માહિતી આપી.

**(બાઈટ:  એચ.ટી .મકવાણા - નાયબ કલેકટર )**

# JUNAGADH SAMVAAD

જુનાગઢ કૃષિ વિશ્વવિદ્યાલય ખાતે આજે 31મો પ્રાચીન વર્ષા વિજ્ઞાન પરિસંવાદ યોજાયો હતો. કૃષિ મંત્રી રાઘવજી પટેલની ઉપસ્થિતિમાં યોજાયેલા આ પરિસંવાદમાં સૌરાષ્ટ્રમાંથી 100 જેટલા આગાહીકારો ઉપસ્થિત રહ્યા હતા. આગાહીકારો દર વર્ષે ચોમાસાની આગાહી કરતા હોય છે જેમાં અખાત્રીજનો પવન, હોળીની ઝાલની દિશા નક્ષત્રોની ગોઠવણી, અને ભડલી વાક્ય જેવા પ્રાચીન પરિબળોને આધારે આ વર્ષે આગાહીકારોએ 16 આની ચોમાસું રહેવાની સંભાવના દર્શાવી છે.

# MEHSANA MARKET YARD

મહેસાણા જિલ્લાના ઉનાવા માર્કેટયાર્ડમાં તમાકુની આવકમાં વધારો નોંધાઇ રહ્યો છે. હાલમાં એક હજાર 500 બોરીની આવક નોંધાઇ છે. હરાજીમાં તમાકુનો ભાવ બે હજાર 25 રૂપિયા રહ્યો હતો. જ્યારે એક હજાર રૂપિયાનો નીચો ભાવ રહ્યો હતો. તમાકુનો સરેરાશ ભાવ એક હજાર 800 જેટલો રહ્યો હતો.

# DANG SAHAY

ડાંગ જિલ્લા પોલીસના કર્મચારીનું અવસાન થતાં તેમના પરિવારને 'બરોડા ગુજરાત પોલીસ ફોર્સ સેલેરી પેકેજ જીવન વીમા યોજના' હેઠળ સહાય ચૂકવવામાં આવી છે. પ્રાપ્ત વિગતો અનુસાર બે મહિના અગાઉ મૃત્યુ પામનાર પોલીસ જવાન છગનભાઇ વળવીના પરિવારને દસ લાખ રૂપિયાની સહાય ચુકવવામાં આવી છે.